# તંત્રી લેખ......

## આત્મનિર્ભર ભારત માટે શ્રમ સુધારા, રાષ્ટ્રીય વિકાસ તરફ એક મહત્વપૂર્ણ પગલું

આ શ્રમ સંહિતા ભારતના આત્મનિર્ભર અને વિકસિત દેશ બનવાના માર્ગ પર એક પરિવર્તનશીલ પગલું છે. તેઓ કામદારોના ગૌરવને જાળવી રાખે છે, ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપે છે અને એક એવું મોડેલ બનાવે છે જ્યાં કામદારોના અધિકારો અને ગૌરવનું રક્ષણ થાય છે. વડા પ્રધાન મોદીના દ્રષ્ટિકોણ અને "સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ, સબકા પ્રયાસ" પ્રત્યેની પ્રતિબદ્ધતા દ્વારા સંચાલિત, આ શ્રમ સુધારાઓ આધુનિક, સ્થિતિસ્થાપક અને સમાવિષ્ટ અર્થતંત્ર માટે મજબૂત પાયો નાખે છે, જે કામદારો અને ઉદ્યોગો બંનેને ભારતના વિકાસના કેન્દ્રમાં રાખે છે.

ડૉ. મનસુખ માંડવિયા. દાયકાઓ સુધી, ભારત નબળા આર્થિક વિકાસ, ભ્રષ્ટાચાર અને રોજગાર સર્જન અને કામદારોના કલ્યાણ પ્રત્યે પ્રતિબદ્ધતાના અભાવ સાથે સંઘર્ષ કરી રહ્યું હતું. રાજકીય હડતાળ અને બંધને કારણે ઔદ્યોગિક પ્રવૃત્તિમાં વિક્ષેપ પડ્યો, રોકાણમાં ઘટાડો થયો અને સિસ્ટમમાં વિશ્વાસ ઓછો થયો. આ જડતાને તોડવા માટે દેશના નેતૃત્વમાં મોટો ફેરફાર જરૂરી બન્યો. ત્યારબાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા પરથી "શ્રમેવ જયતે" ની હાકલ શરૂ કરી, ભારપૂર્વક જણાવ્યું કે શ્રમનું ગૌરવ, અથવા કામદારો માટે આદર, ભારતની વિકાસ યાત્રાના હૃદયમાં હોવો જોઈએ. આ માત્ર એક સૂત્ર નહોતું, પરંતુ એક નવી રાષ્ટ્રીય વિચારસરણીની શરૂઆત હતી જેણે કામદારોને નીતિનિર્માણના કેન્દ્રમાં રાખ્યા હતા.

ભારતના મોટાભાગના શ્રમ કાયદા ૧૯૨૦ અને ૧૯૫૦ ની વચ્ચે ઘડવામાં આવ્યા હતા અને વસાહતી વિચારસરણીને પ્રતિબિંબિત કરતા હતા. જો કે, વૈશ્વિક સ્તરે કામ કરવાની રીત સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે. ગિગ અને પ્લેટફોર્મ અર્થતંત્ર, ડિજિટલ કાર્ય, લવચીક કાર્ય માળખાં અને નવા પ્રકારના સાહસોનો ઉદય ઝડપથી ઉભરી રહ્યો હતો, પરંતુ ભારતના જૂના શ્રમ કાયદા યથાવત રહ્યા અને આધુનિક કાર્યબળ અથવા સ્પર્ધાત્મક અર્થતંત્રની જરૂરિયાતોને પૂર્ણ કરવામાં અસમર્થ હતા. ફરી એકવાર, વડા પ્રધાન મોદીએ તેમના પંચ પ્રતિજ્ઞા દ્વારા સંદેશ આપ્યો કે આપણે આપણી વસાહતી માનસિકતા છોડી દેવી જોઈએ અને ભવિષ્યની જરૂરિયાતોને અનુરૂપ થવું જોઈએ. જૂના કાયદા એટલા માટે ટકી રહ્યા નહીં કે તે સારા હતા. તેઓ ટકી રહ્યા કારણ કે પાછલી સરકારોમાં તેમને બદલવાની રાજકીય હિંમત, ઈચ્છાશક્તિ અને દ્રષ્ટિનો અભાવ હતો.

આ રાષ્ટ્રીય જરૂરિયાતને ઓળખીને, મોદી સરકારે ભારતના સૌથી મહત્વપૂર્ણ સુધારાઓમાંના એકને અમલમાં મૂક્યો. અગાઉ વિભાજિત ૨૯ શ્રમ કાયદાઓને ચાર સરળ અને સ્પષ્ટ શ્રમ સંહિતાઓમાં એકીકૃત કરવામાં આવ્યા હતા: વેતન સંહિતા, ઔદ્યોગિક સંબંધો સંહિતા, સામાજિક સુરક્ષા સંહિતા અને વ્યવસાયિક સલામતી, આરોગ્ય અને કાર્યકારી પરિસ્થિતિઓ સંહિતા. આ સંહિતા ૨૧ નવેમ્બરથી અમલમાં આવી. આ સંહિતા એક આધુનિક શ્રમ માળખું સ્થાપિત કરે છે જે કાર્યકર-મૈત્રીપૂર્ણ અને વિકાસ તરફી છે. આ દર્શાવે છે કે ભારત હવે ઝડપથી બદલાતી વૈશ્વિક અર્થવ્યવસ્થાની માંગણીઓને પૂર્ણ કરવા માટે તૈયાર છે. તમામ ક્ષેત્રોના હિસ્સેદારોએ જૂની શ્રમ પ્રણાલીથી આગળ વધવાની જરૂરિયાતને ઓળખી છે. કામદારો અને ઉદ્યોગના નેતાઓ સાથેના સંવાદોથી જાણવા મળ્યું કે કાર્યસ્થળમાં સ્પષ્ટતા, ન્યાયીતા અને આદરની જરૂરિયાત શ્રમ સંહિતાઓના મૂળમાં હોવી જોઈએ. આ માર્ગદર્શક સિદ્ધાંતે આપણા સુધારાઓને આકાર આપ્યો છે. આ સુધારાએ અગાઉની જટિલ અને ખંડિત સિસ્ટમને એક એવી સિસ્ટમથી બદલી છે જે સરળ, પારદર્શક છે અને દરેક કામદારનું રક્ષણ કરે છે.

### ભારતીયોને મોટો ફાયદો થશે

## કેનેડા નાગરિકતાના કાયદામાં મહત્ત્વપૂર્ણ સુધારો કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેનેડા બિલ સી-૩ દ્વારા તેના નાગરિકતા કાયદાઓમાં મોટી ફેરબદલ કરશે. આ સુધારાથી હજારો ભારતીય મૂળના પરિવારો તેમજ વિદેશમાં જન્મેલા કેનેડિયનોને લાભ થવાની સંભાવના છે. ઈમિગ્રેશન મંત્રાલયે જાહેર કરેલા બિલનો હેતુ સીસ્ટમમાં લાંબા સમયથી રહેલી વિસંગતીમાં સુધારો કરવાનો તેમજ કેનેડાના નાગરિકતા માળખાને આધુનિક, વૈશ્વિક ગતિશીલ પરિવારોની વાસ્તવિકતા સાથે સુસંગત કરવાનો છે. ઈમિગ્રેશન મંત્રી લેના મેટલેગે ડિયાબના જણાવ્યા અનુસાર આ કાયદો ગેરવાજબી રીતે બાકાત રહી ગયેલાને નાગરિકતા પાછી આપવા ઉપરાંત કેનેડિયન નાગરિકત્વની પ્રમાણિકતા અને સમાવિષ્ટતા ફરી સ્થાપિત કરશે.

મુખ્ય સમસ્યા ૨૦૦૯માં રજૂ કરાયેલા પ્રથમ પેઢી મર્યાદામાંથી ઉદ્ભવી છે જેમાં કેનેડાની બહાર જન્મેલા અથવા દત્તક લેવાયેલા બાળકોને એ જ શરતે નાગરિકતા મળતી જેમના માતાપિતામાંથી કોઈપણ એકનો જન્મ કેનેડામાં થયો હોય અથવા તે ત્યાંના નાગરિક હોય. આ નિયમને કારણે અનેક લોકો લોસ્ટ કેનેડિયન્સ તરીકે ઓળખાવા લાગ્યા. તેમના મતે તેઓ નાગરિક તો હતા પણ તેમને કાનૂનની માન્યતા નહોતી મળી. ડિસેમ્બર ૨૦૨૩માં ઓન્ટેરિયો સુપીરીયર કોર્ટે ચૂકાદો આપ્યો કે આ જોગવાઈ ગેરબંધારણીય છે. સરકારે ચૂકાદાનો સ્વીકાર કર્યો અને તેની સામે અપીલ ન કરવાનો નિર્ણય કરીને ન્યાયપૂર્ણ અને વ્યવહારુ સીસ્ટમની જરૂર હોવાનું માન્ય કર્યું.બિલ સી-૩ અસરગ્રસ્તોને નાગરિકતા આપીને આ ખામી સુધારવા માગે છે અને નવી નોંધપાત્ર જોડાણ પરીક્ષણ રજૂ કરે છે. આ નિયમ હેઠળ વિદેશમાં જન્મેલા કેનેડિયન વાલીએ બાળકના જન્મ અથવા દત્તક લેવા પહેલા ૧૦૯૫ સંચિત દિવસ અથવા ત્રણ વર્ષ કેનેડામાં પસાર કર્યા હોય, તેમના બાળકો કેનેડાની નાગરિકતા મેળવી શકશે.

આ અભિગમ અમેરિકા, યુ.કે. અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં નાગરિકતા નીતિ સમાન હોવાથી કેનેડા આંતરરાષ્ટ્રીય ધોરણો સાથે મેળ ખાય તે સુનિશ્ચિત કરાશે.કેનેડાની કોર્ટે આ ફેરફાર લાગુ કરવા માટે જાન્યુઆરી ૨૦૨૬ની સમયસીમા નક્કી કરી છે. ઈમિગ્રેશન વકીલોના મતે આ પ્રક્રિયા શરૂ થતા જ નાગરિકતાના આવેદનમાં ઝડપી વધારો થશે. કેનેડિયન ઈમિગ્રેશન લોઅર્સ એસોસિયેશન (સીઆઈએલએ)એ પણ આ સુધારાનું સ્વાગત કર્યું છે.કેનેડાના ૧૯૪૭ નાગરિકતા કાયદામાં અનેક એવા નિયમ હતા જેના કારણે ઘણા લોકો પોતાની નાગરિકતા ખોઈ બેઠા હતા અથવા તેને પ્રમાણિત નહોતા કરી શક્યા. ૨૦૦૯ અને ૨૦૧૫માં કેટલાક સુધારા કરાયા હતા અને લગભગ વીસ હજાર લોકો પોતાની નાગરિકતા પાછી મેળવી શક્યા હતા.

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: કોટનના વાયદાના ભાવમાં સેંકડા વધ્યા: એલચી, મેન્થા તેલના વાયદાઓમાં સીમિત રેન્જમાં ઘટાડો

**સોનાના વાયદામાં રૂ.૮૫૧ અને ચાંદીના વાયદામાં રૂ.૬૬૦ની નરમાઈ: ક્રૂડ તેલનો વાયદો રૂ.૨૨ ઢીલો: કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૦૫૯૧.૭૫ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૧૨૩૨૬.૫૪ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૩૪૩૨.૬૬ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૯૨૬૩ પોઈન્ટના સ્તરે**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૨૪૨૯૨૮.૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૦૫૯૧.૭૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૨૧૨૩૨૬.૫૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. ઈન્ડેક્સ વાયદાઓમાં રૂ.૯.૬ કરોડ અને ઈન્ડેક્સ ઓપ્શન્સમાં રૂ..૭ કરોડનાં કામકાજ થયાં હતાં. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૨૯૨૬૩ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૯૩૦.૯૨ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૩૪૩૨.૬૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૨૭૪૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૩૫૭૪ અને નીચામાં રૂ.૧૨૨૬૦૫ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૪૧૯૧ના આગલા બંધ સામે રૂ.૮૫૧ ઘટી રૂ.૧૨૩૩૪૦ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની નવેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૨૧૦ ઘટી રૂ.૯૯૮૭૨ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ નવેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૫૩ ઘટી રૂ.૧૨૪૯૭ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૬૯૪ ઘટી રૂ.૧૨૩૧૫૫ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૩૩૮૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૩૬૩૮ અને નીચામાં રૂ.૧૨૧૯૬૫ના મથાળે અથડાઈ, રૂ.૧૨૩૯૭૩ના આગલા બંધ સામે રૂ.૫૮૩ ઘટી રૂ.૧૨૩૩૯૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૫૩૯૧૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૪૩૧૭ અને નીચામાં રૂ.૧૫૨૪૧૫ના મથાળે અથડાઈ, રૂ.૧૫૪૧૫૧ના આગલા બંધ સામે રૂ.૬૬૦ ઘટી રૂ.૧૫૩૪૯૧ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૧૬૮૩ ઘટી રૂ.૧૫૫૩૭૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૧૬૩૦ ઘટી રૂ.૧૫૫૪૦૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૩૦૮.૧૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું નવેમ્બર વાયદો રૂ.૨.૮૫ ઘટી રૂ.૧૦૦૦.૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત નવેમ્બર વાયદો રૂ.૩.૮ ઘટી રૂ.૩૦૨.૪૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ નવેમ્બર વાયદો ૫ પૈસા ઘટી રૂ.૨૬૬.૧ના સ્તરે પહોંચ્યો હતો. સીસું નવેમ્બર વાયદો ૮૫ પૈસા ઘટી રૂ.૧૮૦ના ભાવે બોલાયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૪૮૪૩.૯૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી નવેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૨૯૮૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૧૩૪ અને નીચામાં રૂ.૨૯૮૨ના સ્તરને સ્પર્શી, રૂ.૯૨ વધી રૂ.૩૦૪૯ થયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૧૯૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૨૧૫ અને નીચામાં રૂ.૫૧૪૪ના સ્તરને સ્પર્શી, રૂ.૫૧૯૭ના આગલા બંધ સામે રૂ.૨૨ ઘટી રૂ.૫૧૭૫ થયો હતો. ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૧૫ ઘટી રૂ.૫૧૮૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ નવેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧૨.૩ ઘટી રૂ.૪૦૨.૭ થયો હતો. નેચરલ ગેસ-મિની નવેમ્બર વાયદો રૂ.૧૨.૭ ઘટી રૂ.૪૦૨.૧ના સ્તરે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૧૯.૨ના ભાવે ખૂલી, રૂ.૨.૪ ઘટી રૂ.૯૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કોટન નવેમ્બર વાયદો રૂ.૧૦૦ વધી રૂ.૨૫૦૧૦ના સ્તરે પહોંચ્યો હતો. એલચી નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૬૨૮ના ભાવે ખૂલી, રૂ.૧૯ ઘટી રૂ.૨૬૦૦ના સ્તરે પહોંચ્યો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૬૧૯૦.૦૯ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૭૨૪૨.૫૭ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૯૪૬.૮૧ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૭૮.૩૪ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૫૫.૩૨ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૧૧૨૭.૩૮ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૨૪.૭૯ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૫૩૭.૪૨ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૨૮૧.૭૪ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૫.૨૨ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૦.૬૯ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૧.૦૬ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૭૩૨૦ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૫૩૦૧ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૨૯૩૪ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૨૨૨૩૮ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૩૫૧૫૭ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૯૨૮૪ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૯૪૨૦ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૪૯૮૦૩ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૧૪૪ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૦૫૬૬ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૨૪૮૦ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૨૯૮૩૯ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૯૮૩૯ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૯૧૦૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૮૧ પોઈન્ટ વધી ૨૯૨૬૩ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૫૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૮.૨ ઘટી રૂ.૧૮૦.૫ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૪૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૮.૪ ઘટી રૂ.૨૮.૪૫ના ભાવે બોલાયો હતો.

સોનું નવેમ્બર રૂ.૧૨૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૪૮.૫ ઘટી રૂ.૩૨૯.૫ થયો હતો. આ સામે ચાંદી નવેમ્બર રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૩૩.૫ ઘટી રૂ.૨૮૯ થયો હતો. તાંબું ડિસેમ્બર રૂ.૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨ ઘટી રૂ.૨૦.૪૪ થયો હતો. જસત ડિસેમ્બર રૂ.૩૦૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૦૭ વધી રૂ.૨.૬૭ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૫૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨ વધી રૂ.૧૯૬.૫ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૪૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૫.૬ વધી રૂ.૩૪.૦૫ થયો હતો.

સોનું નવેમ્બર રૂ.૧૨૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૭.૫ ઘટી રૂ.૨૦૬.૫ થયો હતો. આ સામે ચાંદી નવેમ્બર રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૯૭.૫ ઘટી રૂ.૫૮૦ થયો હતો. તાંબું ડિસેમ્બર રૂ.૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૦૫ વધી રૂ.૧૨.૦૪ના ભાવે બોલાયો હતો. જસત ડિસેમ્બર રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૬૦ પૈસા ઘટી રૂ.૨.૫ થયો હતો.

## જામનગરને મળ્યો સૌરાષ્ટ્રનો સૌથી લાંબો ફલાય ઓવર બ્રીજ: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જામનગર ખાતે રૂ.૨૨૬ કરોડથી વધુના ખર્ચે નિર્મિત સૌરાષ્ટ્રના સૌથી લાંબા ફલાયઓવર બ્રિજનું લોકાર્પણ કર્યું



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જામનગર ખાતે રૂ. ૨૨૬.૯૯ કરોડના ખર્ચે નિર્મિત સૌરાષ્ટ્રના સૌથી લાંબા ફલાયઓવર બ્રિજનું લોકાર્પણ કર્યું હતું.સાત રસ્તા સર્કલથી સુભાષચંદ્ર બોઝની પ્રતિમા સુધીનો ફોરલેન એલીવેટેડ ફલાયઓવર બ્રિજની કુલ લંબાઈ ૪ એપ્રોચ સહિત ૩,૭૫૦ મીટર છે. મુખ્ય બ્રિજ ફોર લેન ૧૬.૫૦ મીટરનો છે, જ્યારે ઈન્દિરા માર્ગ તથા દ્વારકા રોડ એપ્રોચ ટુ લેન ૮.૪૦ મીટરના છે.આ ફલાયઓવરના કારણે જામનગરના નાગરિકોને દ્વારકા, રિલાયન્સ, નયારા, જી.એસ.એફ.સી. તરફ તેમજ રાજકોટ રોડ તરફ સરળતાથી વાહનવ્યવહારની સુવિધા મળશે. આનાથી બ્રિજ નીચેના મુખ્ય ચાર જંકશન સાત રસ્તા સર્કલ, ગુરુદ્વારા જંકશન, નર્મદા સર્કલ તથા નાગનાથ જંકશન પર થતા ટ્રાફિક જામ અને અકસ્માત જેવા બનાવોમાંથી મોટી રાહત મળશે, પરિણામે ઈંધણ અને સમયની બચત થશે.

વધુમાં, સુભાષ બ્રિજથી સાત રસ્તા સર્કલ થઈ લાલ બંગલા સર્કલ સુધીનો નવો રૂટ મળવાથી નાગનાથ જંકશન, ત્રણ દરવાજા (ગ્રેઈન માર્કેટ), બેડી ગેટ જેવા વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યાનું નિવારણ થશે. આ વિકાસકાર્યની સાથે જ બ્રિજ નીચેના અન્ડરસ્પેસને પણ નાગરિક સુવિધા માટે વિકસાવવામાં આવ્યો છે, જેમાં કુલ ૬૧ ગાળાઓમાં ૧,૨૦૦ થી વધુ વાહનોના પાર્કિંગની વ્યવસ્થા જેમાં ૮૫૦ ટુ-વ્હીલર્સ, ૨૫૦ ફોર-વ્હીલર્સ, ૧૦૦ રીક્ષા, ૧૦૦ અન્ય અને ૨૬ બસ પાર્કિંગનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, કુલ ૪ જગ્યાએ પે એન્ડ યુઝ ટોઈલેટ, ૧ લોકેશન પર શ્રમિક સુવિધા કેન્દ્ર (લેબર ચોક), ૧૦ ગાળામાં સ્પોર્ટ એક્ટિવિટી, ૪ લોકેશન પર વેઈટિંગ/સીટિંગની વ્યવસ્થા અને ૪ લોકેશન પર ફૂડ ઝોન જેવી સવલતો પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. મુખ્યમંત્રીશ્રી દ્વારા લોકાર્પિત કરાયેલો આ ફલાયઓવર જામનગરના નાગરિકોના જીવનમાં સરળતા અને સુગમતા લાવીને શહેરના વિકાસમાં એક નવો અધ્યાય ઉમેરશે.

આ પ્રસંગે જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, શિક્ષણ રાજ્યમંત્રી શ્રી રિવાબા જાડેજા, સાંસદ શ્રી પૂનમબેન માડમ, મેયર શ્રી વિનોદભાઈ ખીમસૂર્યા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મયબેન ગરસર, મહાનગરપાલિકાના પ્રભારી મંત્રી શ્રી પલ્લવીબેન ઠક્કર, ધારાસભ્ય સર્વ શ્રી મેઘજીભાઈ ચાવડા, દિવ્યેશભાઈ અકબરી, ડેપ્યુટી મેયર શ્રી ક્રિષ્નાબેન સોઢા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી નિલેશભાઈ કગથરા, જિલ્લા કલેકટર શ્રી કેતન ઠક્કર, મ્યુનિસિપલ કમિશનર શ્રી ડી.એન.મોદી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અંકિત પન્નુ, પોલીસ અધિક્ષક શ્રી ડો.રવિ મોહન સૈની, સાશક પક્ષના નેતા શ્રી આશિષ જોશી, દંડક શ્રી કેતનભાઈ નાખવા, આગેવાન સર્વ શ્રી બીનાબેન કોઠારી, પ્રકાશભાઈ બાંભણીયા, મેરામણ ભાટુ, વિજયસિંહ જેઠવા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## દિલ્હીમાં ઈન્ડિયા ગેટ સામે પ્રદૂષણ મુદ્દે દેખાવ, માઓવાદીના સમર્થનમાં નારેબાજી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રાજધાની દિલ્હીમાં પ્રદૂષણની ભયાનક સ્થિતિને લઈને ઈન્ડિયા ગેટ સામે વિરોધ પ્રદર્શન ચાલી રહ્યું હતું, પરંતુ આ દેખાવમાં એક ચોંકાવનારો અને અસામાન્ય વળાંક આવ્યો છે. દેખાવકારોએ જ્યારે તેમને વિખેરવાનો પ્રયાસ કરાયો ત્યારે પોલીસ પર પેપર સ્પ્રેથી હુમલો કર્યો હતો, જેમાં ઘણા પોલીસકર્મીઓ ઘાયલ થયા છે. આટલું જ નહીં, દેખાવકારોએ તાજેતરમાં માર્યા ગયેલા નકસલી કમાન્ડર માડવી હિડમાના સમર્થનમાં પણ સૂત્રોચ્ચાર કર્યા હતા.દિલ્હીની અત્યંત ખરાબ હવા ગુણવત્તાને દૂર કરવા માટે કાર્યવાહી કરવાની માંગ સાથે વિરોધ કરનારાઓ ઈન્ડિયા ગેટ પાસે સી-હેક્સાગોનમાં એકઠા થયા હતા. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, કેટલાક વિરોધીઓ સી-હેક્સાગોનમાં પ્રવેશ્યા અને અવરોધ પાર કરવાનો પ્રયાસ કર્યો. પોલીસે તેમને સમજાવવાનો પ્રયાસ કર્યો કે પાછળ ઘણી એમ્બ્યુલન્સ અને ડોકટરો ફસાયેલા છે અને તેમને રસ્તો છોડવાની જરૂર છે.જો કે, દેખાવકારો ઉશ્કેરાઈ ગયા અને બેરિકેડ ઓળંગીને રસ્તા પર બેસી ગયા. જ્યારે પોલીસની ટીમે તેમને હટાવવાનો પ્રયાસ કર્યો, ત્યારે કેટલાક વિરોધીઓએ પોલીસકર્મીઓ પર પેપર સ્પ્રેનો ઉપયોગ કર્યો. આ હુમલામાં ત્રણથી ચાર પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા અને તેમની સારવાર ચાલી રહી છે. બાદમાં પોલીસે વિરોધીઓને સી-હેક્સાગોનથી દૂર કર્યા હતા.ડેપ્યુટી પોલીસ કમિશનર (નવી દિલ્હી) દેવેશ કુમાર મહાલાએ આ ઘટનાને 'ખૂબ જ અસામાન્ય' ગણાવી હતી.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com

## સચિવાલયમાં સેકશન અધિકારીઓની ૨૩૧ જગ્યાઓ ખાલી: વહિવટી કામગીરી પર ભારે અસર

**ધી ગુજરાત સચિવાલય સેકશન અધિકારી એસોસીએશને કરી રજુઆત: બઢતીના શુન્યાવકાશથી કર્મચારીઓમાં નિરાશા**

પ્રતિનિધિ,ગાંધીનગર

પાટનગર ગાંધીનગરમાં સચિવાલયમાં સેકશન અધિકારીઓની ૨૩૧ જગ્યાઓ ખાલી હોવાથી વહિવટી કામગીરીને ભારે અસર પડી રહી છે. સેકશન અધિકારીઓની ખાલી જગ્યાઓને લીધે અન્ય અધિકારીઓ પર કામનુ ભારણ વધી રહ્યુ છે.



આથી ધી ગુજરાત સચિવાલય સેકશન અધિકારી એસોસીએશને સેકશન અધિકારી વર્ગ ૨ ની ખાલી જગ્યાઓ તાત્કાલીક ફીડર કેડરના નાયબ સેકશન અધિકારીઓને બઢતી આપીને ભરવા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને મુખ્ય સચિવને વિસ્તૃત લેખિતમાં રજુઆત કરી છે, ધી ગુજરાત સચિવાલય સેકશન અધિકારી એસોસીએશનના સુત્રોના જણાવ્યા મુજબ સચિવાલયમાં સેકશન અધિકારીની કુલ ૬૦૬ જગ્યા પૈકી ૨૩૧ જગ્યા એટલે કે ૩૮ ટકા જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે. જેના કારણે હાલ સેવા આપતા અધિકારીઓ પર વધારાનો કામનો બોજ વધ્યો છે અને નીતી આધારીત અને મહત્વપૂર્ણ કામગીરીની ગતિ પર સીધી અસર થઈ રહી છે. આ જગ્યાઓ સીધી ભરતીથી ભરવાની વ્યવસ્થા હોવા છતાં ભરતી પ્રક્રિયા પુર્ણ થવામાં ૨-૩ વરસ લાગતા હોય છે. ઉપરાંત નિયુકત નવા અધીકારીઓને તાલીમ અને અજમાયશી સમયગાળા બાદ કાર્યક્ષમ બનવા ૪ થી ૫ વરસ જેટલો સમય લાગી જતો હોવાથી તંત્રમાં કાર્યક્ષમતા અને નિર્ણય ક્ષમતાનો અભાવ સર્જાઈ રહ્યો છે. હાલ સચિવાલયમાં ૧૩૫૦ થી વધુ નાયબ સેકશન અધિકારીઓ ફરજ બજાવી રહ્યા છે. પરંતુ સેવા નિયમો પ્રમાણે વર્ષ ૨૦૪૦ સુધી માત્ર ૩૫૦ જેટલા અધિકારીઓને જ બઢતી મળવાની શકયતા છે. બાકી રહેલા લગભગ ૧ હજાર કર્મચારીઓ દાયકાઓ સુધી બઢતી થી વંચિત રહેવાની સ્થિતિ સર્જાઈ છે. જેનાથી કર્મચારીઓમાં અસંતોષ, નિરાશા અને નારાજગી વધી રહી છે. મુખ્યમંત્રીને રજુઆતમાં જણાવ્યા મુજબ બઢતી ન મળવાને કારણે કર્મચારીઓમાં ફસ્ટ્રેશન નિર્ણય પ્રક્રિયામાં વિલંબ અને પોલીસી પેરાલીસીસ જેવા નકારાત્મક પરીણામો જોવા મળી રહ્યા છે. જે રાજયના સમગ્ર વહિવટ પર અસરકારક છે, એસોસીએશને માંગણી કરી છે કે ભરતી નિયમોમાં યોગ્ય ફેરફાર કરીને સેકશન અધિકારીની ખાલી જગ્યાઓ તાત્કાલીક ફીડર કેડરના અનુભવી નાયબ સેકશન અધિકારીઓથી ભરવામાં આવે, જે થી અનુભવ ધરાવતા કર્મચારીઓ વહિવટમાં યથોચીત રીતે યોગદાન આપી શકે અને રાજયના વિકાસ લક્ષી કાર્યમાં વેગ મળી રહે.

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

# રાજયમાં ૧૦૦ કલાકમાં રાષ્ટ્ર વિરોધી ગુન્હામાં સામેલ ૩૧૮૪૦ આરોપીઓનુ વેરીફીકેશનઃ ડીજીપી

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાત પોલીસ દ્વારા રાજયભરમાં ૧૦૦ કલાક સુધી ચાલેલી વિશેષ ચેકીંગ ડ્રાઈવમાં છેલ્લા ૩૦ વરસ દરમિયાન રાષ્ટ્ર વિરોધી અને ગંભીર ગુન્હાઓમાં સંડોવાયેલા આરોપીઓની વિશાળ પ્રમાણમાં તપાસ પુર્ણ કરી દેવામાં આવી છે. રાજયના પોલીસ વડા વિકાસ સહાયે જણાવ્યુ હતુ કે આ મહા અભિયાનમાં કુલ ૩૧૮૪૦ આરોપીઓનુ વેરીફીકેશન સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યુ છે.

આ ડ્રાઈવ અંતર્ગત ગંભીર અને સંવેદનશીલ કાયદાઓ હેઠળ ચાર્જ થયેલા આરોપીઓની વિગતો ચકાસવામાં આવી હતી જેમાં યુપીએ, ટાડા, એનડીપીએસ એકટ, બનાવટી ચલણી નોટોના કેસ સહિતના ગંભીર ગુન્હાનો સમાવેશ થાય છે, પોલીસે છેલ્લા ૩૦ વરસના ડેટાબેઝમાંથી આ આરોપીઓના રેકોર્ડ તપાસ્યા હતા, તેમની હાલની પ્રવૃત્તિઓ, રોજગાર, સરનામા, વિદેશ પ્રવાસ, સંગઠન સાથેની સંકળાયેલ માહિતી અને સોશીયલ બ્રેકગ્રાઉન્ડ સહિતની તમામ વિગતોનુ વેરીફીકેશન કરવામાં આવ્યુ હતું. તપાસ દરમિયાન જાણવા મળ્યુ કે ૩૭૪૪ આરોપીઓએ પોતાના સરનામા બદલી નાખ્યા છે. પોલીસે જણાવ્યુ હતુ કે આ તમામ નવા સરનામાઓ આધારીત પણ ચેકીંગની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ વિશેષ ડ્રાઈવમાં જાણવા મળ્યુ કે ૪૫૦૬ આરોપીઓ હાલમાં ગુજરાત રાજય બહાર રહે છે, રાજયના પોલીસવડા વિકાસ સહાયના કહેવા મુજબ બીજા તબકકામાં રાજય બહારના આ તમામ આરોપીઓનુ પણ ચેકીંગ કરાશે, તેમને લગતા ડોઝીયર તૈયાર કરવા માટે ખાસ એસઓપી તૈયાર કરાઈ છે અને તેનો અમલ સઘન રીતે કરવામાં આવશે. આ વિશાળ ડ્રાઈવ દ્વારા ગુજરાત પોલીસે સ્પષ્ટ કર્યુ છે કે રાજયમાં રાષ્ટ્ર વિરોધી, નશીલા પદાર્થો, હથિયારો અને આતંકવાદી પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા કોઈપણ તત્વો પર સતત બાજ નજર રખાશે અને આ ચેકીંગથી આવતા દિવસોમાં સુરક્ષા તંત્રને વધુ મજબુત બનાવવા મદદ મળશે.

ડીજીપી વિકાસ સહાયે વધુમાં જણાવ્યુ હતુ કે ગુજરાત એટીએસ દ્વારા રાષ્ટ્ર વિરોધી તત્વોને પકડયા અને હથિયાર દારૂગોળો કબ્જે કર્યો હતો અને પછી દિલ્હી બ્લાસ્ટની ઘટના બની હતી અને ત્યાર પછી દરેક પોલીસ સ્ટેશનને સુચના અપાઈ હતી કે ૩૦ વરસમાં જે પણ રાષ્ટ્ર વિરોધી સામે ગુન્હો દાખલ કરી અટક કરાયા છે, તેમનો ડેટાબેઝ બનાવી તેમનુ ચેકીંગ કરી ડીઝીયર બનાવો, ૧૭ મીએ ફરીથી દરેક પોલીસ સ્ટેશનને સુચના આપી કે જે બાકી હોય તે કામ ૧૦૦ કલાકમાં કામ પુરુ કરો, ચેકીંગમાં રાષ્ટ્ર વિરોધી તત્વો સામે જે ગુન્હા દાખલ થયેલા જેમ કે બનાવટી ચલણી, કેફી દ્રવ્યો, હથિયારના કેસ, ટાડા , પોટા સહિતના ગુન્હેગારોનુ ચેકીંગ કરાયુ અને કુલ ૩૧૮૪૦ શખ્સોની ઓળખ કરાઈ, જેમના વિરોધમાં આવા ગંભીર ગુન્હામાં સામેલ હતા આ આરોપીઓનુ ચેકીંગ સ્થાનિક પોલીસે કર્યુ અને સ્થાનિક પોલીસના માધ્યમથી ચેક કરાયુ, ચેકીંગ માં ૧૧૮૮૦ શખ્સો હાજર મળ્યા એટલે કે ૩૭ ટકા ડેડાબેઝ મુજબ હાજર મળ્યા તેમની પુછપરછ કરી હાલની પ્રવૃત્તિ શું છે તેની તપાસ કરાઈ તો ૧૨ ટકા આરોપી એટલે ૩૭૪૪ આરોપીઓનુ સરનામુ બદલાયુ છે તેમનુ ચેકીંગ થઈ રહ્યુ છે, એમાંથી ૨૩૨૬ આજે હયાત નથી, બોમ્બ બ્લાસ્ટ બાદ જે ચેકીંગ કરાયુ તે કામ પુર્ણ થયુ છે. અને તે અસરકારક પરીણામલક્ષી કામગીરી થઈ છે, આવતા દિવસોમાં ચેકીંગમાં જે આરોપી સામે ગુન્હા દાખલ થયેલા છે અને રાજય બહારના છે જે ૧૪ ટકા છે તેમનુ ચેકીંગ કરાશે.

### જિગ્નેશ મેવાણી માફી નહી માંગે તો આજે હિંમતનગર ખાતે નિકળનારી કોંગ્રેસની જન આક્રોશ રેલીનો વિરોધ કરાશે

# જિગ્નેશ મેવાણીએ પટ્ટા ઉતરાવી દેવાના નિવેદનનો પાટણ, થરાદ, હિંમતનગર સહિત વિરોધઃ પોલીસ પરીવારની મહિલાઓએ રેલી કાઢી વિરોધ કર્યો

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



કોંગ્રેસના વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ આપેલા પોલીસ સામેના નિવેદન બાદ પોલીસ પરીવારમાં રોષ ફેલાયો છે. ઉત્તર ગુજરાતના પાટણ, મહેસાણા, થરાદ અને હિંમતનગર સહિતના શહેરોમાં પોલીસ પરીવાર ભારે રોષે ભરાયો છે અને વિરોધ કરી રહ્યો છે, હિંમતનગરમાં આજે સોમવારે પોલીસ પરીવાર દ્વારા બેનરો સાથે ભારે સુત્રોચ્ચાર કરીને રેલી કાઢવામાં આવી હતી, પોલીસ પરીવારની મહિલાઓ દ્વારા રેલી યોજીને સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. નિવૃત્ત પોલીસ સંગઠન દ્વારા જનઆક્રોશ રેલીનો વિરોધ કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી. જો મેવાણી માફી નહી માંગે તો આજે મંગળવારે હિંમતનગર ખાતે કોંગ્રેસની જન આક્રોશ રેલીનો વિરોધ કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી. તાજેતરમાં થરાદમાં કોંગ્રેસના વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ પોલીસ વિરૂધ્ધ નિવેદન આપ્યુ હતુ, લોકો સાથે થરાદ પોલીસ સ્ટેશન પહોંચેલા જિગ્નેશ મેવાણીએ થરાદના પોલીસવડા સહિતના સ્ટાફને પોલીસના પટ્ટા ઉતરાવી દેવાનુ જાહેરમાં નિવેદન કર્યુ હતું. ત્યારબાદ પોલીસ પરીવાર રોષે ભરાયો હતો. પોલીસ પરીવારની મહિલાઓએ આજે સોમવારે હિંમતનગર આંબાવાડી પોલીસ લાઈન ખાતેથી મહાવીરનગર ચાર રસ્તા સુધી રેલી યોજીને ભારે સુત્રોચ્ચાર કર્યા હતા. રેલીમાં જોડાયેલી મહિલાઓએ કહ્યુ હતુ કે પોલીસને મળેલી ટોપી અને પટ્ટા સંવિધાનથી મળ્યા છે, કોઈ રાજકીય નેતા દ્વારા નહી, બીજી તરફ નિવૃત્ત પોલીસ કર્મીના સંગઠન દ્વારા જન આક્રોશ રેલી કાઢવાની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી. જિગ્નેશ મેવાણી માફી નહી માંગે તો આજે જન આક્રોશ રેલીનો વિરોધ કરવામાં આવશે, આજે સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે કોંગ્રેસની જન આક્રોશ રેલીનો પ્રારંભ થયો છે, આજે સવારે ૧૦ વાગે આ રેલી હિંમતનગર પહોચવાની છે તો બીજી તરફ મહેસાણામાં પણ પોલીસ પરીવાર દ્વારા ભારે સુત્રોચ્ચાર સાથે રેલી કાઢવામાં આવી હતી. પોલીસ હેડ કવાર્ટરથી કલેકટર કચેરી સુધી રેલી યોજીને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતું.

# છોટા ઉદેપુરના કવાંટમાં નદી પરના બ્રીજમાં મસમોટુ ગાબડુ પડતા : આમ આદમી પાર્ટી નેતા રાધિકા રાઠવાએ સરકારની કામગીરી સામે ઉઠાવ્યા સવાલો

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં સરકાર હંમેશા વિકાસની મોટી મોટી ગુલબાંગો ઠોકે છે સરકારની વિકાસની વાતો કયાંક હવે પોકળ સાબિત થઈ રહી હોય તેવુ લાગી રહ્યુ છે. એકતરફ સરકાર આદિવાસીઓને આગળ લાવવાની વાત કરે છે અને એ જ આદિવાસી વિસ્તારમાં સુવિધાઓ કેમ આપવામાં પાછા પડે છે ? એક સામાન્ય બ્રીજ કે સારા પાકા રસ્તાઓની સુવિધાઓનો પણ અધિકાર નથી? ત્યારે આવી જ એક ઘટના છોટા ઉદેપુરમાં બનવા પામી છે.



જયાં કરા નદી પર આવેલો ઓવર બ્રીજમાં આજે ખુબ જ મોટા ગાબડા પડી ગયા હોવા છતાં કોઈ સરકારના કોઈ મંત્રીઓ કે નેતાઓને આ મામલો દેખાતો નથી અને તેના જ કારણે હવે આમ આદમી પાર્ટીના નેતાઓએ બ્રીજ પર જઈને અનોખો વિરોધ નોંધાવ્યો હતો. છોટા ઉદેપુર જિલ્લાના કવાંટ પાસે કરા નદી ઉપર ૫૫ વરસ જુનો બ્રીજ આવેલો છે આ બ્રીજ માં મોટુ ગાબડુ પડયુ છે અને પેરાફીટમાં વાંસ બાંધેલા છે, વરસોથી નવા પુલની માંગણી કરવામાં આવે છે પરંતુ સ્ટેટ આર એન્ડ બી વિભાગના અધિકારીઓ પુલ નવો બનાવવા માટે કામગીરી ન હાથ ધરતા રોષે ભરાયેલા આદિવાસી સમાજના લોકો અને આમ આદમી પાર્ટીના લોકો તંત્રને જગાડવા માટે અનોખો વિરોધ કર્યો હતો. હાલ આ બિસ્માર પુલના કારણે ગંભીરાબ્રીજ જેવી દુર્ઘટના સર્જાઈ તો કોની જવાબદારી, અધિકારીઓ જોવા માટે આવતા નથી જેને લઈને રામધુન બોલાવીને સરકારને જગાડવાનો પ્રયાસ કર્યો હતો.

રાધિકા રાઠવા આ મામલે સરકાર પર પ્રહાર કરતા કહ્યુ હતુ કે આ પુલ ઉપરથી ભારે વાહનો પસાર થાય છે અને પુલ જર્જરીત છે અનેક વખત પુલ રીપેર કરવા અને નવો પુલ બનાવવા રજુઆત કરવામાં આવી છે. સાંસદ અને ધારાસભ્ય ભાજપના નેતાઓ આ પુલ ઉપરથી પસાર થાય છે છતાં તેઓને દેખાતુ નથી.

# ગુજરાતમાં અધિકારીઓ ધારાસભ્યો અને મંત્રીઓનુ સાંભળતા નથી? અધિકારીઓ મંત્રીઓને મુળા ભાજી સમજી બેઠા છે?

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત જેને લાંબા સમયથી ભારતીય જનતા પાર્ટીનો ગઢ માનવામાં આવે છે ત્યારે હાલ આંતરીક અસંતોષનો અસાધારણ માહોલ જોવા મળી રહ્યો છે. આ મોસમમાં વિરોધ પક્ષ નહી પરંતુ જાતે જ ભાજપના લોકોમાં નારાજગી દેખાઈ રહી છે. જન પ્રતિનિધિઓ અને સરકારી તંત્ર વચ્ચેના તણાવના કારણે આ પરીસ્થિતિ ઉદભવી છે.

છેલ્લા ઘણા સમયમાં અનેક ભાજપના ધારાસભ્યો અને મંત્રીઓ ખુલ્લેઆમ કહી રહ્યા છે કે અધિકારીઓ તેમની વાત સાંભળતા નથી, ફોન સ્વીકારતા નથી અને વિકાસ કામોની ફાઈલોમાં મહિનાઓ સુધી વિલંબ કરતા રહે છે. અત્રે ઉલ્લેખનીય છે કે થોડા સમય અગાઉ સરકારના રાજય કક્ષાના મંત્રી સ્વરૂપજી ઠાકોરના પીએસએ સ્પષ્ટપણે મુલાકાતીઓને કહ્યુ હતુ કે મંત્રી શ્રી અધિકારીઓને ભલામણ કરવા માટે સક્ષમ નથી. આમ અનેક ફરીયાદો અધિકારીઓ વિરૂધ્ધ ઉઠી રહી છે. તેઓ કહે છે કે લોકો વચ્ચે કરેલા વચનો પુરા ન કરી શકવાના કારણે તેમની પ્રતિષ્ઠાને નુકશાન થાય છે. ધારાસભ્યો કહે છે અધિકારીઓ સાંભળતા નથી. દિવ્ય ભાસ્કર દ્વારા તાજેતરમાં યોજાયેલા ટેલીફોનીક સરવેમાં ૧૦૧ ભાજપ ધારાસભ્યોમાંથી દર પાંચમા ધારાસભ્યએ સ્વીકાર્યુ કે અધિકારીઓના અતિ અહંકાર અને ન સાંભળવાની વૃત્તિને કારણે કામો અટકી રહ્યા છે. ઘણા ધારાસભ્યોનુ કહેવુ છે કે ગાંધીનગર સુધી મુદ્દો પહોંચાડયા સિવાય ફાઈલોમાં કોઈ હલચલ થતી નથી. મધ્ય ગુજરાતના એક વરીષ્ઠ ધારાસભ્યએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યુ હતુ કે અમે નાના નાના કામ માટે હંમેશા વિનંતી કરવી પડી છે. ગાંધીનગર દબાણ વગર ફાઈલો હલતી જ નથી.

આવી ફરીયાદો આખા ગુજરાતમાંથી બીજા નેતાઓએ પણ કરી છે જેમાં હાર્દિક પટેલ વિરમગામના ધારાસભ્યએ ચેતવણી આપી હતી કે લટકેલા વિકાસ કાર્યો તાત્કાલીક શરૂ ન થાય તો તેઓ ઉપવાસ પ્રદર્શન કરશે. ત્યારબાદ પ્રકાશ વરમોળા હળવદ ધાંગ્રધાં ના ધારાસભ્ય ને લોકો દ્વારા જાહેરમાં એસટી બસ સેવા બંધ થવા મુદ્દે પ્રશ્નો પુછાયા ત્યારે જવાબ આપી શકયા ન હતા, તે જ પ્રમાણે અરવિંદ લાડાણી માણાવદરના ધારાસભ્ય પોલીસ સ્ટેશન ખાતે ધરણા પર બેઠા હતા અને આરોપ મુકયો હતો કે પોલીસ જુગાર ખાનાઓને રક્ષણ આપે છે, તે જ પ્રમાણે કુમાર કાનાણી વરાછા ધારાસભ્યએ વારંવાર અધિકારીઓ પર ખરાબ રસ્તા અને ટ્રાફીક વ્યવસ્થાને લઈને પસ્તાળ પાડી, સોશીયલ મીડીયા પર એવા વિડીયો વાયરલ થયા છે જેમા નાગરીકો ધારાસભ્યોને કહે છે ચુંટણી વખતે જ આવો છો, કામ કંઈ નથી થતુ, હવે ચુંટણીમાં જવાબ મળશે. અગાઉ પણ આવી જ પરીસ્થિતિ હતી તેને ધ્યાને લઈને ઓગસ્ટ ૨૦૨૩ માં રાજય સરકારે સામાન્ય વહિવટ વિભાગ દ્વારા એક મહત્વપૂર્ણ પરીપત્ર જારી કર્યો હતો. જેમાં સુચનો આપવામાં આવ્યા હતા તે અધિકારીઓએ ચુંટાયેલા પ્રતિનિધિઓના ફોન નંબર સેવ કરવા, ઓફીસ લેન્ડ લાઈન પર ફોન આવે અને અધિકારી વ્યસ્ત હોય તો પછી તરત જ કોલ રીટર્ન કરવો, પીએ / સચિવોએ આવા કોલની નોધ રાખવી અને અધિકારીને જણાવવુ, તમામ વિભાગો, બોર્ડ, કોર્પોરેશન અને મહાનગરપાલિકાઓને કડક પાલન કરવાનુ કહેવામા આવ્યુ હતું

પરંતુ ધારાસભ્યો કહે છે કે વાસ્તવમાં કંઈજ બદલાયુ નથી, હાલમાં મંત્રી મંડળમાં ૨૫ મંત્રીઓ મુકાયા તેમ છતાં હજુ પણ પ્રજાને જોઈએ તેટલો સંતોષ થયો નથી. મંત્રીઓ અધિકારીઓ સાથે મીટીંગમાં રચ્યા પચ્યા રહે છે, પ્રજાની ફરીયાદોનુ કોઈ નિરાકરણ આવતુ નથી. શું મહારાષ્ટ્ર જેવી પ્રોટોકોલ નીતિ જરૂરી ? મહારાષ્ટ્ર સરકારે જીઆર દ્વારા અધિકારીઓને સુચના આપી છે કે ચુંટાયેલા પ્રતિનિધિઓને ઉભા થઈને આવકારવા, સન્માનપૂર્ણ ભાષા વાપરવી અને ઝડપથી જવાબ આપવા આ તમામ બાબતો ફરજીયાત બનાવાઈ છે. તો શું ગુજરાતમાં આવી જ વ્યવસ્થા લાગુ કરવા સમય આવી ગયો છે ? જો સરકારી તંત્ર જન પ્રતિનિધિઓનો જવાબદાર નથી તો કોણ છે ? એક ભાજપ ધારાસભ્યનો સવાલ ? ગુડ ગવર્નન્સ નો ગર્વ ધરાવતા ગુજરાત માટે આનો જવાબ મહત્વપૂર્ણ છે.

# સરકારી અધિકારીઓ વિરૂધ્ધની ખાતાકીય તપાસો હવે ટલ્લે નહી ચડેઃ ઘણા અધિકારીઓ અને કર્મચારીઓ કુંડાળા કરતા હોય છે

પ્રતિનિધિ,ગાંધીનગર



સરકારના વિવિધ વિભાગો અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં એવા હજારો અધિકારીઓ અને કર્મચારીઓ હોય છે જેમને નોકરીઓ દરમિયાન લખણ ઝળકાવવાની આદત હોય છે, હવે આવા લખણખોટા તત્વોને નિવૃત્તિ અગાઉ જ સજા આપવા સરકારે એક યોજના તૈયાર કરી છે.

ઘણી કસરતો બાદ એમની વિરૂધ્ધ ખાતાકીય તપાસો શરૂ થતી હોય છે પરંતુ આવી તપાસો કરવાવાળા અધિકારીઓ અપનેવાલાને બચાવી લેવા , આકાશ પાતાળ એક કરતા હોય એવા કિસ્સાઓ પણ બને છે, ઘણા દાગી અધિકારીઓ અને કર્મચારીઓ નિવૃત્ત થઈ જાય, વરસો સુધી પેન્શન સહિતના લાભો ઉઠાવતા રહે, ત્યાં સુધી એમની વિરૂધ્ધની ખાતાકીય તપાસ ચાલતી રહે. કેટલાક કિસ્સાઓમાં તો આવા દાગીઓ ગુજરી જાય ત્યાં સુધી તપાસો અધુરી હોય, આવા પ્રકારની સ્થિતિઓને કારણે સરકારની આબરૂને ધકકો પહોચી રહ્યો છે. આથી સરકારે હવે નકકી કર્યુ કે આવા દાગીઓને તેઓ નિવૃત્ત થઈ જાય એ પહેલા જ તપાસ પુર્ણ કરી લેવા, દબોચી લેવા, આ માટે સરકારે નિવૃત્ત ઉચ્ચ અધિકારીઓની ટીમ તૈયાર કરી છે.

આ ટીમના અધિકારીઓને ખાસ વેતન આપવામાં આવશે અને આ નિવૃત્ત અધિકારીઓ નિયત સમયમાં સંબંધીત અધિકારીઓ વિરૂધ્ધની ખાતાકીય તપાસ પુર્ણ કરી લેશે, સરકારના આ પગલા થી ઘણા દાગી અધિકારીઓના વાળ ધોળા થાય એ અગાઉ જ એમના કાળા કરતુતો બહાર આવી જશે, ઘણા દાગી અધિકારીઓ અને કર્મચારીઓના નિવૃત્તિ પ્લાન બગડી જશે. આ પ્રકારની તપાસ આ ખાસ ટીમે ૬ મહિનામાં પૂર્ણ કરવી પડશે. નહીતર આ તપાસ કરનારા ખાસ નિવૃત્ત અધિકારીઓના વેતનમાં કાપ મુકી દેવામાં આવશે. આ કાપ ની રકમ કરતા મોટી રકમ ધારો કે આ ખાસ નિવૃત્ત અધિકારીઓને દાગીઓ પાસેથી મળી જશે તો ? ગુજરાતમાં કાંઈપણ શકય છે, તો સરકારની આ યોજના ફેલ જશે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ વાત આમ તો ૪ વરસ જુની છે, અમલ હવે શરૂ થયો, ઉપરાંત તપાસ ઝડપથી પૂર્ણ થનાર હોય અમુક અધિકારીઓ અને કર્મચારીઓમાં ડર રહેશે. આ ઉપરાંત હવે આવી તપાસ પોતાના વિભાગના અધિકારીઓને બદલે આ નિવૃત્ત ઉચ્ચ અધિકારીઓ કરનાર હોય, પક્ષપાત પણ થોડો ઘટશે, પરીણામો સારા મળશે તો આ યોજના આગળ વધી શકશે, બાકી તો સૌ જાણે છે, ગોઠવણ બધી જ જગ્યાઓ પર શકય હોય છે, અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે રાજયના વિજીલન્સ વિભાગ સમક્ષ ૧૦-૧૦ વરસથી વધુ સમય માટે આવી તપાસો પડતર પડી છે, જેમાં સૌથી વધુ ફરીયાદ શહેરી વિકાસ વિભાગમાં ૨૯૯૬ છે, વિકાસમાં ખોટુ વધારે થઈ શકે, બીજા ક્રમે મહેસુલ અને ત્રીજા ક્રમે પંચાયત વિભાગ છે, પોલીસ અને ઉદ્યોગ વિભાગો આ ફરીયાદો બાબતે રાજયમાં ચોથા અને પાંચમાં ક્રમે છે,

### અંકલેશ્વરની મહિલા સ્વર્ણિમ સંકુલ-૧ સચિવાલયમાં પતિ સાથે આવી હતી

# સ્વર્ણિમ સંકુલ-૧ માં મહિલાએ ઝેર ગટગટાવ્યુંઃ અનાજ વિતરણની ફરીયાદ બાદ આપઘાતો પ્રયાસ

પ્રતિનિધિ,ગાંધીનગર



ગાંધીનગરના સ્વર્ણિમ સંકુલ-૧ માં આજે એક સરકારને આંચકો પેદા કરનારો બનાવ બનવા પામ્યો હતો. અંકલેશ્વર ગ્રામ્ય વિસ્તારની એક મહિલાએ પોતાની ફરીયાદમાં નિકાલ ન આવતા તણાવની સ્થિતિમાં ઝેર પી લીધુ હતુ, તે પોતાના પતિ સાથે અનાજ વિતરણ અને રેશનકાર્ડ સંબંધીત સમસ્યા માટે આજે સોમવારે સવાર થી જ અનેક વિભાગોમાં ચકકર લગાવી રહી હતી, છતાં કોઈ ઉકેલ ન મળતાં તેણે અંતે આ ગંભીર પગલુ ભર્યુ હોવાનુ પરીવારજનોનુ કહેવુ છે,

પરીવારજનોના આક્ષેપ મુજબ તેમના ગામમાં રેશનકાર્ડ લઈને લાંબા સમયથી સમસ્યાઓ ચાલી રહી છે. પરંતુ કચેરીઓમાં રજુઆત કર્યા બાદ પણ કોઈ યોગ્ય જવાબ મળતો ન હતો, સચિવાલયમાં અનેક વખત સંપર્ક કર્યા પછી પણ કોઈ અધિકારી તેમની વાત સાંભળવા તૈયાર ન થતાં મહિલાનુ મનોબળ તુટી ગયુ, અંતે તેણે અચાનક તેની પાસે રહેલી ઝેરની બાટલી કાઢીને ગટગટાવી લીધી, જેને જોઈ હાજર લોકો અને સુરક્ષાકર્મીઓ મદદ માટે દોડી આવ્યા હતા. ઘટના બનતા જ ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવી અને મહિલાને તાત્કાલીક હોસ્પીટલમાં લઈ જવામાં આવી હતી. તબીબોના કહેવા પ્રમાણે તેની હાલત હાલ ગંભીર છે અને સતત નિરીક્ષણ હેઠળ છે, ઘટનાની જાણ થતા સચિવાલયમાં હાજર અધિકારીઓ અને સ્ટાફમાં ભારે હલચલ મચી જવા પામી હતી. ઘણા લોકો ઘટનાને સરકારી તંત્રની કામગીરીની ધીમી ગતિ સાથે જોડીને ચિંતાજનક ઘણાવી રહ્યા છે. તો કેટલાક લોકો એવુ કહી રહ્યા છે કે મંત્રી મંડળનુ વિસ્તરણ થયા બાદ પણ પ્રજાના કામો ઠેરના ઠેર રહ્યા છે. હજુ પણ પ્રજાને જોઈએ તેટલો સંતોષ આ મંત્રીઓ આપી શકતા નથી.

આ બનાવે ફરી એકવાર એ પ્રશ્ન ઉભો કર્યો છે કે સામાન્ય નાગરીકોની ફરીયાદોનુ સમયસર નિકાલ કેમ થતો નથી , લોકોને પોતાના અધિકારો અને હકકો માટે અનેક કચેરીઓના ચકકર લગાવવાના પ્રસંગો વારંવાર ચર્ચામાં રહે છે. નિષ્ણાંતોનુ કહેવુ છે કે આવી પ્રણાલીની ખામી નોંધવામાં નહી લેવામાં આવે તો આવનારા સમયમાં આવા બનાવો વધુ જોવા મળી શકે છે. કેટલાક મંત્રીઓ ધારાસભ્યોની ભાષા બોલી રહ્યા છે. તો કેટલાક મંત્રીઓ કામ ન કરવુ હોય એટલે બિનજરૂરી પ્રજાને સવાલો પુછતા હોય છે. ત્યારે આવા બનાવો ન બને તે માટે સરકારે હવે જાગવાનો સમય આવી ગયો છે. સચિવાલયમાં બનેલી આ ઘટના તંત્ર માટે ગૌરવનુ નહી પરંતુ ગંભીર ચેતવણીનુ નિશાન છે.

# નેત્રંગમાં ધો.૭ માં ભણતી દિકરીને હવસખોરે પીંખીઃ ૧૨ દિવસ સારવાર માટે રઝડતી રહી આખરે કળયુગી જીવન હારીઃ પોલીસ પર ગંભીર આક્ષેપ

પ્રતિનિધિ,ગાંધીનગર




નેત્રંગના દુષ્કર્મમાં ભોગ બનેલી ૧૦ વર્ષીય બાળકી આખરે સારવાર દરમિયાન જીવનની જંગ હારી ગઈ છે. રૂપઘાટ ગામના એક યુવાને આ નાબાલીગ દિકરી સાથે દુષ્કર્મ આચર્યુ હતું. ઘટના તે સમયે બની હતી જયારે બાળકી રસ્તા પર મળતા આરોપીએ તેને ગામ તરફ છોડવાની વાત કરી હતી. પરંતુ રસ્તામાં ખેતરમાં લઈ જઈ તેની સાથે દુષ્કર્મ કર્યુ હતુ આ ભયાનક ઘટનાની સમગ્ર હકીકત બાળકીએ પોતાની કાકીને કહી હતી ત્યારબાદ તરત જ તેને સારવાર માટે લઈ જવામાં આવી હતી. આખરે જીવન સામેની જંગ હારી, બાળકીની તબિયત ગંભીર થતા પહેલા તેને રાજપીપળાની હોસ્પીટલમાં દાખલ કરાઈ, પરંતુ પરીવારના આક્ષેપ મુજબ ૫ દિવસ સુધી યોગ્ય સારવાર મળી ન હતી. ત્યારબાદ વધુ સારવાર માટે તેને એસ એસ જી હોસ્પીટલ વડોદરામાં ખસેડવામાં આવી હતી. જયાં છેલ્લા અનેક દિવસોથી સારવાર ચાલી રહી હતી. પરંતુ આજે સોમવારે બાળકીની હાલત વધુ બગડતા તે આખરે જીવન સામેની જંગ હારી ગઈ હતી. પરીવારનો પોલીસ પર ગંભીર આરોપ છે, આ કેસમાં પોલીસ પર ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે. પરીવારજનો જણાવે છે કે ૧૨ દિવસ સુધી અમે સારવાર માટે રઝળતા રહ્યા, પોલીસે અમને સહકાર આપ્યો હોત તો દિકરી આજે જીવતી હોત, પરીવારના ગંભીર આક્ષેપ અનુસાર નેત્રંગ પોલીસના જમાદારે તેમને કહ્યુ હતુ કે ફરીયાદ દાખલ ન થાય ત્યાં સુધી સીવીલમાં સારવાર નહી થાય અને પ્રથમ તો તેમને આ કહયુ હતુ કે દિકરી તો સહી સલામત છે, કશુ થયુ નથી, જેની સાથે દુષ્કર્મ થયુ તે જ જાણે છે દુઃખ, દુષ્કર્મ પીડીત બાળકી ધો. ૭ માં અભ્યાસ કરતી હતી. પરીવારના શબ્દોમાં જેની સાથે દુષ્કર્મ થયુ તે જ જાણે છે દુઃખ કેટલુ મોટુ છે, આજે બાળકીના મોત બાદ પરીવારમાં શોક અને રોષ વ્યાપો છે, પરીવાર દ્વારા આરોપીને કડક સજા કરવામાં આવે તેવી જોરદાર માંગ કરવામાં આવી છે. નેત્રંગની આ હ્દયદ્રાવક ઘટનાએ સમગ્ર વિસ્તારમાં શોક અને અસંતોષની લાગણી ફેલાવી દીધી છે.

# વડોદરામાં સર ની કામગીરી માટે લાઈનમાં ઉભેલા યુવકને અચાનક ખેંચ આવતા ઢળી પડયો

પ્રતિનિધિ,ગાંધીનગર



મતદાર સુધારણા યાદી સઘન સુધારણા ઝુંબેશ કાર્યક્રમમાં શનિવારે એક મહિલા કર્મચારીના મોત બાદ રવિવારે બપોરે મતદાર યાદી સુધારણા માટે ઉભેલા એક શખ્સને અચાનક ખેંચ આવી ગઈ હતી. ખેંચ આવતાની સાથે જ તેઓ ચકકર ખાઈને નીચે પટકાયા હતા. જેના કારણે તેમને માથામાં ગંભીર ઈજા પણ થઈ હતી. હાલ તેમને સયાજી હોસ્પીટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. મળતી માહિતી પ્રમાણે રવિવારે સવાર થી રંગોલી હોટલ પાછળ આવેલી પ્રતાપગંજ સરકારી શાળામાં મતદાર યાદી સુધારણાનો કાર્યક્રમ ચાલતો હતો. યાદીના કામ માટે આવેલા ૪૦ વર્ષીય સાહિલ રજવાડી આવ્યા હતા તેઓ કામગીરી માટે લાઈનમાં ઉભા હતા તે દરમિયાન અચાનક બપોરે અઢી વાગે તેમને ખેંચ આવતા માથાના ભાગે જમીન પર ઉંધા પટકાયા હતા. નીચે પડતાની સાથે જ તેમને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. ત્યારબાદ સ્થાનિકો દ્વારા તેમને તાત્કાલીક ધોરણે ૧૦૮ બોલાવી તેમને સયાજી હોસ્પીટલમાં લઈ જવામાં આવ્યા હતા. જો કે હાલ તેમની હાલત સ્થિર હોવાનુ તબીબોએ જણાવ્યુ હતું.